**REF No.** 820/2012

| | |
|---|---|
| રજૂ તારીખ : | ૨૩/૦૭/૨૦૧૨ |
| દાખલ તારીખ: | ૨૩/૦૭/૨૦૧૨ |
| ફેંસલ તારીખ : | ૧૨/૧૨/૨૦૧૯ |
| સમયગાળો : | વર્ષ: ૭ માસ: ૪ દિન: ૧૯ |

## મજુર અદાલત, વડોદરાના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ

**રેફરન્સ (એલ.સી.વી.) કેસ નં-૮૨૦/૨૦૧૨**

**આંક : ૧૬**

**પ્રથમ પક્ષકાર :** **મેનેજરશ્રી,**
**ઉમિયા ગ્રાફીકસ (ભગીરથ પ્રેસ)**
૧૦/એ, બડા બજાર, નિઝામપુરા, વડોદરા.

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર :** **શ્રી વિનુભાઈ ડાહયાભાઈ પરમાર**
મુ.પો.દુમાડ, હે.રામદેવ ફળીયા, તા.જી.વડોદરા.

**હાજર રહયા :**
પ્રથમ પક્ષકારો તરફે : ગેરહાજર
બીજા પક્ષકાર તરફે : વિદવાન યુનીયન પ્રતિનિધિશ્રી પર્વતસિંહ બારીયા

**:: એવોર્ડ ::**

(૧) હાલનો રેફરન્સ મદદનીશ શ્રમ આયુકતશ્રી, વડોદરાની કચેરીના હુકમ ક્રમાંક : કે.એચ./એસ.એચ./એમ.સી./વ/એ.જે./૨૦૧૨૧, તારીખ-૧૬/૦૭/૨૦૧૨ થી બીજા પક્ષકાર /શ્રમયોગીશ્રી (જેનો હવે પછી હુકમમાં સરળતા ખાતર ''અરજદાર'' તરીકે ઉલ્લેખ કરેલ છે) ને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પ્રથમ પક્ષકાર સંસ્થા (કે જેનો હવે પછી હુકમમાં સરળતા ખાતર ''સામાવાળા'' તરીકે ઉલ્લેખ કરેલ છે) માં પુન: સ્થાપિત કરવા કે કેમ? તે મુદૃાના ન્યાયનિર્ણય માટે અત્રેની અદાલતને રીફર કરેલ છે.

(૨) રેફરન્સ કોર્ટમાં આવ્યા બાદ પક્ષકારોને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ, જે તેઓને બજી ગયેલ છે ત્યારબાદ આ કામે અરજદાર તરફે આંક-૩ થી માંગણાનું નિવેદન રજૂ રાખેલ છે જેમાં જણાવેલ છે કે, તેઓ સામાવાળા સંસ્થામાં તા.૧૦/૫/૯૪ થી કામદાર કમ બ્રાઈન્ડર તરીકે જોડાયેલા અને તેઓને રૂા.૫,૨૦૦/- પગાર ચુકવતા હતા. સામાવાળી સંસ્થા અરજદારને સવારના ૮ થી રાત્રિના ૧૧ વાગ્યા સુધીની ફરજ બજાવવાની હતી અને ફરજ કરતા વધુ સમયનો પગાર આપતા ન હતા તેમજ ઓવર ટાઈમનો પગાર અને પગાર વધારાની માંગણીઓ વારંવાર કરતાં અરજદારને અગાઉ થી કોઈપણ જાતના

વાંકગુન્હા માટે નોટીસ કે સુચના આપેલી નહી તેમ છતાં અમો અરજદારને કોઈપણ જાતના વાંકગુન્હા વગર અને વાંક ગુન્હાની ખાતાકીય તપાસ કર્યા વગર મૌખિક હુકમથી તા.૫/૫/૧૨ ના રોજ બરતરફ કરેલા છે. આ કૃત્ય મેનેજમેન્ટનું ગેરકાયદેસર અને ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધનું હોઈ અરજદારને વડોદરાના મદદનીશ શ્રમ આયુકતને લેખિતમાં નોકરીમાં પુન:સ્થાપિત કરવા માટે તા.૨/૬/૧૨ ના રોજ ફરીયાદ કરેલી તેમજ અરજદારે વડોદરાના મદદનીશ શ્રમ આયુકતને લેખિતમાં ફરીયાદ કરેલી તેના અનુસંધાનમાં બંને પક્ષકારો તા.૧૯/૬/૧૨ ના રોજ તેમની કચેરીએ બોલાવેલા તે વખતે સામાવાળા સંસ્થાનાઓએ અરજદારને નોકરીમાં પુન:સ્થાપિત કરવા બાબતે કોઈ તૈયારી બતાવેલી નહી જેથી વડોદરાના મદદનીશ શ્રમ આયુકતે સદર કેસને વડોદરાની મજુર અદાલતને ન્યાય નિર્ણય માટે મોકલેલ છે. તેનો રેફરન્સ(એલ.સી.વી.) નં-૮૨૦/૧૨ પડેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઈ તેઓને નોકરીમાંથી છુટા કર્યા તારીખથી પડેલા દિવસોના પુરેપુરા પગાર સાથે તેમજ કાયદેસરના મળવાપાત્ર તમામ હકકો અને લાભો સહીત નોકરીની મુળ જગ્યાએ સામાવાળાને ત્યાં પુન:સ્થાપિત કરવા અરજ કરેલ છે તેમજ રેફરન્સનો તમામ ખર્ચ સામાવાળા સંસ્થા પાસેથી અપાવવા અરજ કરેલ છે.

(૩) સદર કામે સામાવાળાને નોટીસ બજી ગયેલ હોવા છતાં કોઈ હાજર થયેલ ન હોય તેમજ અરદજાર તરફે માંગણાનુ નીવેદન સામાવળાને મોકલી આપેલ હોય તે સંદર્ભેના આધાર પુરાવા આંક-૪ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખેલ હોય તેમ છતાં સામાવાળા હાજર ન થતાં અરજદાર તરફે આંક-૫ થી સામાવાળાનો જવાબનો હકકબંધ કરવા સારુ અરજી આપતા તે અરજી અન્વયે હુકમ કરી સામાવાળાનો જવાબઓ હકકબંધ કરેલાનું રેકર્ડ જોતા જણાય આવે છે.

(૪) સદર કામે અરજદાર તરફે ત્યારબાદ આંક-૮ થી સરતપાસનું સોગંદનામું રજુ રાખેલ. જેમાં માંગણાની નીવેદનની હકીકતો સોગંદ ઉપર દોહરાવેલ છે અને તે સંદર્ભે ઉલટ તપાસ કરવા સારુ સામાવાળા તરફે કોઈ હાજર ન થતાં અરજદાર તરફે સામાવાળાનો ઉલટ તપાસનો હકક બંધ કરવા સારુ આંક-૧૨ થી અરજી આપતા તે અરજી અન્વયે હુકમ કરી સામાવાળાનો ઉલટ તપાસનો હકકબંધ કરેલાનું રેકર્ડ જોતા જણાય આવે છે.

ત્યારબાદ અરજદાર તરફે વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય આંક-૧૩ અને ૧૪ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ. ત્યારબાદ સદર કામ સામાવાળાના પુરાવા ઉપર આવતા સામાવાળા તરફે કોઈ રજુઆત ન હોય અરજદાર તરફે આંક-૧૫ થી સામાવાળાનો પુરાવાનો હકકબંધ કરવા સારુ અરજી આપતા તે અરજી અન્વયે હુકમ કરી સામાવાળાનો પુરાવાનો હકક બંધ કરેલાનું રેકર્ડ જોતા જણાય આવે છે.

(૫) ત્યારબાદ સદર કામ દલીલ ઉપર આવતાં અરજદાર તરફે પ્રતિનિધિ ઘ્વારા મૌખિક દલીલમાં જણાવેલ છે કે સદર કામે અરદાજર ઘ્વારા તેના માંગણાના નીવેદન તથા સર તપાસના સોગંદનામામાં જણાવેલ હકીકતોને સામાવાળા ઘ્વારા પુરતી તકો આપવા છતાં હાજર થઈ પડકારેલ ન હોય જેથી અરજદાર તરફે જણાવેલ હકીકત ન માનવાનું કોઈ કારણ જણાય આવતું નથી. અને સદર કામે રેકર્ડ ઘ્યાને લઈ હાલનો રેફરન્સ મંજુર કરવા અરજ કરેલ છે.

(૬) આમ ઉપરોકત તમામ હકીકતો તથા રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવો ઘ્યાને લેતાં સદર કામે આ કેસના આખરી નિકાલ અર્થે મારા સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

:: **<u>મુદ્દા</u>** ::

૧. શું અરજદાર સાબિત કરે છે કે સામાવાળાનું તેમને નોકરીમાંથી છુટા કરવાનું પગલુ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોય, જેને લીધે તે સામાવાળી સંસ્થામાં તેમને મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મૂળ જગ્યાએ પુન:સ્થાપિત થવા હકકદાર છે ?

૨. શું હુકમ ?

:: **<u>જવાબ</u>** ::

૧. અંશત: હકારમાં

૨. આખરી હુકમ મુજબ

:: **<u>કારણો</u>** ::

**<u>મુદ્દા નંબર–૧ :–</u>**

(૭) સદર કામે અરજદાર ઘ્વારા આંક–૩ થી રજુ રાખેલ માંગણાના નિવેદનમાં જે હકીકત જણાવેલ છે તેના સમર્થનમાં અરજદાર ઘ્વારા આંક–૮ થી સરતપાસનુ સોગંદનામુ આપેલ હોય અને જેમાં તે હકીકતોને સમર્થન આપેલ છે. સદર કામે સામાવાળી સંસ્થા હાજર રહીને અરજદાર ઘ્વારા આંક–૩ થી રજુ રાખેલ માંગણાનુ નિવેદન તથા આંક–૮ થી રજુ રાખેલ સરતપાસના સોગંદનામાની હકીકતને સદર કામે હાજર રહી પડકારેલ હોય તેવુ જણાય આવતુ નથી. જે લક્ષમાં લેતા પણ અરજદારના માંગણાના નિવેદન તથા સોગંદ ઉપરની જુબાની થી કરેલ રજુઆત નહી માનવા માટે કોઈ કારણ રહેતુ નથી. તેમજ સદર કામે અરજદાર તરફે માંગણાનુ નીવેદન સામાવળાને મોકલી આપેલ હોય તે સંદર્ભેના આધાર પુરાવા રજુ રાખેલ છે તેમજ અરજદાર સામાવાળાને ત્યાં છેલ્લા ઘણા વર્ષથી નોકરી કરતા હોવાનું જણાય આવે છે.

અને તેનાથી વિરુધ્ધનો કોઈ પુરાવો સામાવાળા તરફે રજુ કરેલ ન હોય. તેમજ અરજદાર તરફે જણાવેલ હકીકત લક્ષમાં લેતા અરજદાર ધ્વારા સામાવાળાને ત્યાં એક વર્ષ ઉપરાંત થી અખંડ નોકરી કરતા હોવાનુ જણાય આવે છે, અને સામાવાળા ધ્વારા અરજદાર ધ્વારા ૨૪૦ દિવસ કરતા ઓછી નોકરી કરેલ છે તેવી કોઈ તકરાર સામાવાળા ધ્વારા લીધેલ હોય કે અરજદારની હકીકતને પડકારેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાય આવતુ ન હોય ત્યારે તેઓને નોટીસ કે નોટીસ પગાર તથા નોકરીનાં વર્ષો મુજબ ચુકવવાપાત્ર થતુ છટણી વળતર ચુકવ્યા સિવાય મૌખિક હુકમથી છુટા કરવાનુ સામાવાળાનુ પગલુ ઔધોગિક વિવાદધારાની કલમ–૨૫(એફ) નો ભંગ કરીને લેવામાં આવેલ હોઈ ગેરકાયદેસર છટણી હોવાનુ સ્પષ્ટપણે જણાય આવે છે.

(૮) અરજદારને સામાવાળાએ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે છુટા કરેલ હોય અરજદાર નોકરીની મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવા હકકદાર બને છે, અરજદાર ધ્વારા તેના સોગંદનામામાં જણાવેલ છે કે તેઓએ નોકરી મેળવવાના પ્રયત્નો કરેલા પરંતુ નોકરી મળેલ નહી અને હાલ તેઓ બેકાર છે. પરંતુ અરજદાર ધ્વારા નોકરી માટે પ્રયત્ન કર્યાના કોઈ લેખિત પુરાવા રજુ કરેલ નથી તેમજ અરજદાર ધ્વારા જણાવેલ છે કે તેને તારીખ : ૦૫/૦૫/૨૦૧૨ ના રોજ છુટા કરી દીધેલ તે લક્ષમાં લેતા પણ અરજદારને છુટા કરીએ આશરે હાલમાં સાત વર્ષ કરતા વધુ સમય પસાર થયેલ છે, પડેલા દિવસોના પગાર અંગે કોઈ ચોકકસ સ્ટ્રેટ જેકેટ ફોર્મ્યુલા નકકી થઈ શકે નહી. ઘણા બધા પડેલા દિવસોનો પગાર આપવો કે ન આપવો ? અને આપવો તો કેટલો આપવો ? તે નકકી કરવા સારુ ઘણા બધા પરિબળો ભાગ ભજવતા હોય છે. તેમજ અરજદાર ધ્વારા તેના સરતપાસના સોગંદનામામાં તેનો માસિક ખર્ચો કેટલો થાય છે તે સંબંધેની કોઈ હકીકત જણાવેલ નથી. અને સદર કામે સામાવાળાને હાજર રહી પોતાનો બચાવ રજુ કરવા માટે પુરતી તકો આપેલાનું રેકર્ડ જોતા જણાતુ હોય તેમ છતાં સામાવાળાઓ તરફે કોઈ હાજર થયેલ ન હોય તેમજ અરજદાર ધ્વારા સદર કામ ડીલે કરવાનો પ્રયત્ન કરેલ હોય તેવુ પણ રેકર્ડ જોતા જણાય આવતુ ન હોય. તેમજ અરજદાર ધ્વારા આંક–૭ થી રજુ કરેલ સરતપાસના સોગંદનામામાં જો સામાવાળા તેઓને નોકરીએ રાખે તો જવા માટેની તૈયારી પણ દર્શાવેલ હોય પરંતુ તે સંદર્ભે પણ સામાવાળા તરફે કોઈ રજુઆત કરેલ હોય તેવું રેકર્ડ જોતા જણાય આવતુ નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો તથા કેસના સંજોગો તથા રેકર્ડ લક્ષમાં લેતા સદર કામે અરજદારને તેઓના પડેલા દીવસોના પગાર અને આનુસાંગિક લાભોના ૨૫% રકમ ચુકવી આપી નોકરીની મુળ જગ્યાએ સળંગ નોકરીથી પુન:સ્થાપિત કરવાનો સામાવાળા વિરુધ્ધ હુકમ કરવામાં આવે તો તે ન્યાય અને વ્યાજબી ગણાશે. જેથી મુદા નંબર–૧ નો જવાબ અંશત: હકારમાં આપી મુદા નંબર–૨ અન્વયે આખરી હુકમ નીચે મુજબ ફરમાવું છું.

**REF No**. 820/2012

**<u>-:: હુકમ ::-</u>**

**૧)** અરજદારને છુટા કરવાનુ સામાવાળાનુ પગલુ ગેરકાયદેસર છટણી હોય આથી સામાવાળાને હુકમ કરવામાં આવે છે કે આ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં તેઓએ આ કામના અરજદારને તેમની નોકરીની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર અને આનુસાંગિક લાભોની ૨૫% રકમ ચુકવી આપી સળંગ નોકરીથી પુન:સ્થાપિત કરવા.

**૨)** અરજદારને અરજી ખર્ચે પેટે સામાવાળા નાઓએ રુપિયા ૨,૫૦૦/- (અંકે રુપિયા બે હજાર પાંચસો પુરા) અલગથી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**સ્થળ : વડોદરા.**
**તારીખ : ૧૨/૧૨/૨૦૧૯**
જે.એમ.ગાંધી-પી.એ.

**(હાર્દિક દિલીપભાઈ રાજપુરા)**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત નંબર (૪)**
**વડોદરા.**
**(CODE NO.GJ01291)**